સંક્ષિપ્ત સમાચાર

વૈષ્ણવ સંગઠનનો આગામી તા.12મી એપ્રિલના રોજ પરિચય મેળો યોજાશે

સુરતઃ સુરતના વૈષ્ણવ સંગઠન દ્વારા સમસ્ત વૈષ્ણવ સમાજ માટે નવ પરિચય મેળાનું સંચાલન કરી તા. ૧૨-૪-૨૦૨૬ ને રવિવારે બપારે ૧.૩૦ કલાકે તાડવાડી, રાંદેર રોડ ખાતે દશમા (૧૦) પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૈષ્ણવ વણિક જ્ઞાતિ ઉપરાંત સોની, ઠક્કર, કંસારા, બ્રાહ્મણ તથા પટેલ જ્ઞાતિના ઉમેદવારોનો પણ સમાવેશ કરવામાં આવશે. ૧૯ વર્ષથી ઉપરના કોઈપણ ઉમેદવાર તથા છૂટાછેડા તથા વિધુરને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. વૈષ્ણવ સંગઠનના મુખ્ય સંચાલક અજયભાઈ દલાલે જણાવ્યું હતું કે, ફોર્મ મેળવવા કે ભરવા માટે કાર્યાલય ૭, ગણેશકૃપા, તાડવાડી, રાંદેર રોડ, વિભૂતીબેન મહેતા - અડાજણ, સોનલબેન દેસાઈ - કતારગામ, તાપી-સોનગઢ જિલ્લામા સીમાબેન શાહ, સમગ્ર દક્ષિણ ગુજરાતના ગામડાઓમાં હેમંતભાઈ કાપડિયા અને ઉત્તર ગુજરાત માટે પરેશભાઈ ગાંધીનો સંપર્ક કરવો. ઉપરાંત ઓનલાઈન કે વેબસાઈડ પરથી પણ ફોર્મ મેળવી કે ભરી શકાય છે.

રેડિયન્ટ સ્કૂલ દ્વારા 'બીચ હોળી'ની ઉજવણી કરવામાં આવી

સુરતઃ અડાજણના જહાંગીરબાદ વિસ્તારમાં સ્થિત રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આ વર્ષે 'બીચ હોળી'ની અનોખી અને પર્યાવરણમિત્ર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉજવણી દરમિયાન કેમિકલ રંગોની જગ્યાએ મુલતાની માટી અને રંગબેરંગી ફૂલોનો ઉપયોગ કરી ઇકો-ફ્રેન્ડલી હોળી અને ધૂળેટી ઉજવવામાં આવી. કાર્યક્રમ દરમિયાન જુમ્બા, યોગા અને વિવિધ મનોરંજક એક્ટિવિટીઓનું આયોજન કરવામાં આવ્યું, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને હોળી તહેવારનું સાંસ્કૃતિક અને સામાજિક મહત્વ સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આનંદ અને ઉત્સાહ સાથે હોળીની ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને સુરક્ષિત વાતાવરણમાં યોજાયો હતો. કાર્યક્રમના અંતે શાળા પરિવાર દ્વારા તમામ પેરેન્ટ્સ અને વિદ્યાર્થીઓને હોળી અને ધૂળેટીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

જીવનભારતી બાળભવનમાં 'ચાલો કરતબ નિહાળીએ' કાર્યક્રમ યોજાયો

સુરતઃ જીવનભારતી મંડળ સંચાલિત મો.વ. બુનકી જીવનભારતી બાળભવનમાં 'ચાલો કરતબ નિહાળીએ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. નર્સરી, જુનિયર કે.જી અને સિનિયર કે.જી બાળકો શરીર અને મનથી મજબૂત બને તે હેતુસર પ્રાર્થના, યોગ, જિમ્નાસ્ટિક, સ્કેટિંગ, કરાટે અને રીંગદાવના કરતબોની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમમાં રોનકબેન ધ્રુવ (વન સ્ટેપ ચેરિટેબલ ટ્રસ્ટના સ્થાપક), પૂર્વીબેન શાહ(અભિનેત્રી, સામાજિક કાર્યકર) હાજર રહ્યા હતા. ઉપરાંત જીવનભારતી મંડળના મંત્રી મયંકભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ અને બાળભવનના ભવન પ્રતિનિધિ ચિંતનભાઈ શાહ, હરેશભાઈ જરીવાળા અને વૈભવીબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ આચાર્યા રચનાબેન યોખાવાળાના માર્ગદર્શન હેઠળ કરાયો હતો.

સનરાઇઝ વિદ્યાલયનો વાર્ષિક મહોત્સવ 'અભિવ્યક્તિ ૨૦૨૬' યોજાયો

સુરત : સનરાઇઝ વિદ્યાલયનો વાર્ષિક મહોત્સવ 'અભિવ્યક્તિ ૨૦૨૬' નું રવિવારના રોજ સરદાર સ્મૃતિ ભવન ખાતે ભવ્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પો.કમિ. અનુપમસિંહ ગહલોત હાજર રહ્યા હતા. વિદ્યાલયના મેનેજિંગ ડિરેક્ટર સંજયભાઈ બલદાનિયાએ તેમનું પુષ્પગુચ્છ ભેટ આપી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન નાનાં-મોટાં વિદ્યાર્થીઓએ મનમોહક નૃત્યો, પ્રભાવશાળી નાટિકાઓ, લોકનૃત્ય તેમજ દેશભક્તિભર્યા કાર્યક્રમોની રજૂઆત કરી હતી. કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, પરિશ્રમ અને દૃઢ સંકલ્પનું મહત્વ સમજાવી સતત પ્રગતિના માર્ગે આગળ વધવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

સુરતના કેયુર મોદી પીએચ.ડી. થયા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેયુરકુમાર દિનેશચંદ્ર મોદીને મેનેજમેન્ટ વિષયમાં પીએચ. ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે 'અ સ્ટડી ઓફ સેટિસ્ફેક્શન લેવલ અમંગ ધ ફોલોઅર્સ ઓફ 'સુરતીઝ' ઇન્સ્ટાગ્રામ ચેનલ એન્ડ ઇટ્સ ઇફેક્ટ ઓન ધેર લોયલ્ટી એન્ડ રેફરલ લાઈકલીહુડ' વિષય પર પોતાનો શોધનિબંધ રજૂ કર્યો હતો. કેયુરકુમારે આ સંશોધન કાર્ય યુનિવર્સિટીના મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના મદદનીશ પ્રાધ્યાપક ડો. વત્સલ બી. પટેલ તેમજ વિભાગીય વડા ડો. મનિષ સિદ્ધપુરિયા અને પ્રાધ્યાપક ડો. મનિષા પાનવાલાના યોગ્ય માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

ગુજરાત સ્તરીય તબલાવાદક સ્પર્ધામાં હર્ષ ત્રિભુવને પ્રથમ ક્રમાંક મેળવ્યો

સુરતઃ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ગુજરાત દ્વારા પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય ગાયન-વાદન સ્પર્ધામાં તા.27 ફેબ્રુઆરી 2026ના રોજ ગુજરાત રાજ્ય સ્તરીય તબલા વાદક સ્પર્ધામાં હર્ષ કૈલાશ ત્રિભુવને પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. હર્ષલે વર્ષ 2018થી ગુરુજી નંદુભાઈ ક્ષીરસાગર (નવસારી)નું માર્ગદર્શન મેળવ્યું છે. હર્ષલને પરિવારજનો અને શુભેચ્છકોએ અભિનંદન આપ્યા હતા.

સુરતના CASO કુમાર અભિષેક રાષ્ટ્રીય સ્તરે સન્માનિત

સુરતઃ સીઆઈએસએફ યુનિટ સુરત એરપોર્ટના કમાન્ડન્ટ તથા મુખ્ય હવાઈમથક સુરક્ષા અધિકારી CASO કુમાર અભિષેકને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કમ્યુનિકેશન એલ્યુમ્નાઈ એસોસિએશન દ્વારા 'આઈઆઈએમસીએએ એવોર્ડ 2026 ફોર પબ્લિક સર્વિસ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. જનસેવા અને સામાજિક જવાબદારી ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો છે. આ સન્માન 28 ફેબ્રુઆરી 2026ના રોજ નવી દિલ્હીના પીએસઓઆઈ ક્લબ, ચાણક્યપુરી ખાતે આયોજિત 14મા વાર્ષિક પૂર્વ વિદ્યાર્થી મિલન "કનેક્શન 2026" કાર્યક્રમ દરમિયાન અપાયું હતું.

સુરતમાં હવે હોલિકા દહન પણ થીમ ઉપર શરુ કરવામાં આવ્યું

પરવટપાટિયા

પાંજરાપોળ

બાલાજીરોડ

■ હોલિકા દહનની વાત આવે એટલે લાકડા અને છાણા કે પછી વૃક્ષની ગાંઠનું દ્રશ્ય સામે આવી જાય છે. જો કે સમય બદલાતા હવે હોળી પણ નવા રંગરૂપ સાથે જોવા મળી રહી છે. પરવટ પાટિયા શક્તિનગરમાં ખૂબ જ આકર્ષક હોળી તૈયાર કરવામાં આવી હતી. જો કે હોલિકાની મૂર્તિ બનાવવાની શરુઆત બાલાજી રોડથી શરુ થઇ હતી જે યથાવત રહેવા પામી છે. ઉપરાંત સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે પાંજરાપોળ ખાતે હોળી પ્રગટાવી હતી.

(તસવીર : સતીષ જાદવ)

હોળીની ઝાળ ઉત્તર-પશ્ચિમની હોવાથી ચોમાસું સારું રહેશે

દેશ માટે સારું અને વિશ્વ માટે અઘરું વર્તારો આપતો પવન

સુરત અને દેશ માટે ખુબ જ સારો વર્તારો ગણાય

સુરતઃ હોળીકા દહન બાદ જવાળાની દિશાને ધ્યાનમાં રાખીને સમાજમાં માન્યતા છે કે હોળીની ઝાળથી ભવિષ્ય નક્કી થાય છે. જવાળાના વર્તારો અંગે જ્યોતિષાચાર્ય હંસરાજે જણાવ્યું હતું કે જવાળા પરથી પવનનો વર્તારો ઉત્તર-પશ્ચિમ દિશા તરફ છે. જે સારો સંકેત આપે છે. આવનારું વર્ષ ખુબ જ સારું જશે. દેશમાં સારો વરસાદ પડશે. ખેતીવાડીની પેદાશો સારી રહેશે. લોકોની સુખાકારીમાં વધારો થશે. દેશમાં વિકાસ અને સમૃદ્ધિના નવા માર્ગો ખુલવાના સંકેત પણ આ દિશા આપે છે. વધુમાં જ્યોતિષ હંસરાજજીએ જણાવ્યું હતું કે આવનારા સમય શિક્ષણમાં ક્રાન્તિ લાવનારું રહેશે. દેશ માટે તો આ પવનનો વર્તારો શુભ સંકેત છે જ, પણ વિશ્વ માટે સારા સંકેતો આપતું નથી. જે દિશામાં આજે પવનનો વર્તારો દેખાયો છે એ વાયવ્ય ભાગ ગણાય છે. આ વર્તારો વિશ્વ માટે શુભ નથી.

100 વર્ષ બાદ હોળી અને ધૂળેટી વચ્ચે પડતર દિવસ

3 માર્ચ, 2026ના રોજ ભારત પર પૂર્ણ ચંદ્રગ્રહણનો ઓછાયો જોવા મળશે. આ ખગોળીય ઘટનાને કારણે 3 માર્ચની સવારથી જ સુતક કાળ શરૂ થઈ જશે, જે સાંજે 06:47 વાગ્યે ગ્રહણ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલશે. શાસ્ત્રોક્ત નિયમો મુજબ સુતક અને ગ્રહણ દરમિયાન ધુળેટી રમવી, ઉત્સવ ઉજવવો કે ભોજન કરવું વર્જિત હોવાથી 3 માર્ચના રોજ આખું ભારત 'સૂતક' પાળશે અને ધુળેટી રમાશે નહીં. લગભગ 100 વર્ષ બાદ હોળી પર ભારતની ધરતી પર આવું દ્રશ્ય દેખાશે, જ્યાં ચંદ્ર 'બ્લડ મૂન' એટલે કે તાંબા જેવો લાલ દેખાશે.

ચૂંટણી પૂર્વે 'જૂના જોગીઓ'ની નારાજગી ઠારવા ભાજપનો પ્રયાસ

1980થી અત્યાર સુધીના સિનિયર નેતાઓને યાદ કરાયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ સંગઠનને વધુ મજબૂત કરવા અને આંતરિક નારાજગી દૂર કરવા માટે સ્નેહમિલનનું આયોજન કર્યું હતું. લાંબા સમયથી સક્રિય એવા જૂના કાર્યકરોમાં ચાલતી નારાજગીની ચર્ચાઓને ગંભીરતાથી લઈ, ભાજપે 'પાણી પહેલા પાળ' બાંધવાના હેતુથી પૂર્વ કોર્પોરેટરો, પૂર્વ શિક્ષણ સમિતિના સભ્યો અને સંગઠનના વિવિધ હોદ્દેદારો માટે ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કર્યું હતું. આ પહેલ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણીમાં કોઈ પણ પ્રકારની નેગેટિવ અસર ટાળવી અને જૂના કાર્યકરોને ફરીથી પક્ષના મુખ્ય પ્રવાહમાં સક્રિય કરી તેમનું સન્માન જાળવવાનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

શહેર ભાજપ દ્વારા સુરત એરપોર્ટની સામે સાયલન્ટ ઝોનમાં આવેલા અવધ-ઉથોપિયા ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત સમારોહ યોજાયો હતો. જેમા વર્ષ 1980 થી પક્ષના પાયામાં રહીને કામ કરનારા પૂર્વ અને વર્તમાન પદાધિકારીઓના ત્યાગ અને સમર્પણને વંદન કરવા સાથે તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં સુરતના છેલ્લા કેટલાક સમયથી સુરત શહેરમાં ભાજપમાં ચાલી રહેલો જુથવાદ સપાટી પર જોવા મળી રહ્યો છે. ભાજપના જુના જોગીઓને હાસીયામાં ધકેલી દેવામાં આવ્યા હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે. સુરત મનપાની ગત ચુંટણીમાં ભાજપે આખી ફોજ મેદાનમાં ઉતારી દીધી હતી. તેમ છતા આપના 27 કોર્પોરેટર ચુંટાઇને આવ્યા હતા. જોકે પાંચ વર્ષની ટર્મ દરમિયાન આપના 15 કોર્પોરેટર આપનો ખેસ ઉતારીને ભાજપમાં ભળી ગયા હતા. આગામી ચુંટણીમાં ગત ચુંટણીનું પુનરાવર્તન નહી થાય તે માટે અત્યારથી ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મનપાની ચુંટણી અને વર્તમાન કોર્પોરેટરની પુર્ણ થતી ટર્મને ધ્યાને લઇ શહેર ભાજપ દ્વારા સુરત એરપોર્ટની સામે સાયલન્ટ ઝોનમાં આવેલા અવધ-ઉથોપિયા ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડુમસના વ્યસનમુક્તિ કેન્દ્રમાં બનાસકાંઠાના યુવકનું ભેદી મોત

ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં ઇજાના નિશાનો; સારવાર માટે લાવતા જ તબીબે મૃત જાહેર કર્યો

સુરતઃ બનાસકાંઠાના યુવકનું ડુમસ વિસ્તારમાં આવેલા વ્યસન મુક્તિ કેન્દ્રમાં શંકાસ્પદ પરિસ્થિતિમાં મોત નિપજતાં હલચલ મચી ગઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર, મૃતકના શરીર પર ઈજાના નિશાનો મળતા ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

બનાસકાંઠાના 32 વર્ષીય ધવલ જયંતીભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતા હતા. તેઓ શનિવારે સાંજે વ્યસન મુક્ત થવા માટે સુરતના સુલતાનાબાદ વિસ્તારમાં આવેલા રીવા વ્યસન મુક્તિ કેન્દ્ર ખાતે દાખલ થયા હતા. રવિવારે રાત્રે આશરે 9:30 વાગ્યાના સુમારે ધવલનું બ્લડપ્રેશર ઓછું થવા લાગ્યું અને તેમને ચક્કર આવવા લાગ્યા હોવાની માહિતી સેન્ટરના સ્ટાફ દ્વારા આપવામાં આવી હતી. તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે તપાસ બાદ ધવલને મૃત જાહેર કર્યા હતા. ઘટના અંગે ડુમસ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ડુમસ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યા બાદ સમગ્ર મામલે સેન્ટરના સંચાલકો અને સ્ટાફની પૂછપરછ શરૂ કરી છે. સેન્ટરમાં સીસીટીવી કેમેરા, સ્ટાફની ફરજ, દર્દીની દેખરેખ અને સારવારની પદ્ધતિ સહિતના મુદ્દાઓની તપાસ હાથ ધરાઈ રહી છે. પોલીસ દ્વારા મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. પ્રાથમિક અહેવાલ મુજબ, ધવલના માથા, પીઠ અને પગ સહિત શરીરના અનેક ભાગોમાં માર મારવામાં આવ્યો હોય તેવા ઈજાના નિશાનો મળી આવ્યા છે.

દોઢ કરોડની ઠગાઇના કેસમાં આરોપી વેપારીની જામીનઅરજી નામંજૂર

સુરતઃ સુરતના કાપડ વેપારી સાથે દોઢ કરોડની ઠગાઈના કેસમાં આરોપી વેપારી નવિન ઉર્ફે નેનારામ જાટની જામીનઅરજી કોર્ટે ફગાવી દીધી છે. સચિન જીઆઈડીસી ખાતે શ્યામ ક્રીએશન તથા કેશર ક્રીએશન નામથી કાપડનો વેપાર કરતા સુરેશભાઈ હરીભાઈ રાખોલીયાએ સચિન જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ કાપડ દલાલ સંજય મહેશ્વરીએ સુરેશભાઈ હરીભાઈ રાખોલીયા પાસેથી આરોપી શીલ્પા એન્ટરપ્રાઈઝના મંજુદેવી નેનરામ જાટ તથા ટી.આર. માર્કેટીંગના નવિન ઉર્ફે નેનારામ જાટને રૂા.૧.૪૭ કરોડનો માલ ઉધારીમાં અપાવ્યો હતો. આ કેસની ફરિયાદમાં આરોપી નવિન ઉર્ફે નેનારામે કોર્ટમાં જામીનઅરજી કરી હતી. સરકાર પક્ષે એપીપી ભરત ચાવડા તેમજ મૂળ ફરિયાદીના વકીલ કિશન પારેખે એફિડેવિટ રજૂ કરી જામીનઅરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી છે.

રાંદેરમાંબાઈકસાથેઅથડાવી મોબાઈલ ચોરી લીધો

ચોરેલા મોબાઇલનો ઉપયોગ કરી 46 હજાર ટ્રાન્સફર કરી દીધા

સુરતઃ રાંદેર વિસ્તારમાં અજાણ્યા શખ્સે બાઈક સાથે ઈરાદાપૂર્વક અથડાઈ વેપારીનો મોબાઈલ હાથવગો કરી લીધો અને બાદમાં ગુગલ પે મારફતે 46 હજાર રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

રાંદેર શીતલ ટોકિઝ નજીક ગરીબનવાઝ નગરમાં રહેતા નાસીર સતાર અંસારી (ઉં.વ.49) વેપાર કરે છે. 22 ફેબ્રુઆરી, 2026ના રોજ સવારે અંદાજે 9:30 થી 9:45 દરમિયાન તેઓ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. અડાજણ બસ ડેપો નજીક ડિવાઈડર ગેપ પાસે પહોંચતા એક 25થી 50 વર્ષનો અજાણ્યો ઈસમ, સફેદ ચેક્સ શર્ટ અને બ્લ્યુ જીન્સ પહેરેલો, અચાનક સામે આવ્યો હતો. આરોપી ચાલતા ચાલતા બાઈક સાથે અથડાયો અને આ ગડબડ દરમિયાન નાસીરભાઈના શર્ટના ખીસ્સામાં રહેલો Redmi A3 મોબાઈલ (કિંમત અંદાજે રૂ. 7,000) ચોરી કરી લીધો.

ઘટના બાદ ફરિયાદીને મોબાઈલ ગુમ થયાની જાણ થઈ હતી. આગળ તપાસ કરતાં માલૂમ પડ્યું કે મોબાઈલમાં રહેલા ગુગલ પે એકાઉન્ટનો પાસવર્ડ કોઈ રીતે મેળવી આરોપીએ 46,000 રૂપિયા અજાણ્યા ખાતામાં ઑનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા. નાસીરભાઈની ફરિયાદના આધારે રાંદેર પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000ની કલમ 66(સી) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ એકત્રિત કરવાની પ્રક્રિયા હાથ ધરી છે અને શંકાસ્પદ વ્યક્તિની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

ચેમ્બરની મેનેજિંગ કમિટીની 67 બેઠકોની ચૂંટણી યોજાશે

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ની ૨૦૨૬-૨૭ મેનેજિંગ કમિટીની 67 બેઠકો માટેની ચૂંટણી 26 એપ્રિલ 2026 ના રોજ યોજાશે. વિતેલા વર્ષો જોતાં મેનેજિંગ કમિટીમાં પ્રવેશ કરવા માંગતા સભ્યોની સંખ્યા વધી રહી છે. છેલ્લા બે ત્રણ વર્ષથી એને લીધે ચૂંટણીઓ યોજાઈ રહી છે.

'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' (SGCCI) દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની મેનેજિંગ કમિટીની ચૂંટણી માટે સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. 26 માર્ચ સુધી ઉમેદવારી કરી શકાશે. આજીવન સભ્ય વિભાગમાં સૌથી વધુ ૪૪ બેઠકો, ચીફ પેટ્રન વિભાગમાં ૧૦ બેઠકો, પેટ્રન અને ગોલ્ડ વિભાગમાં અનુક્રમે ૬ અને ૪ બેઠકો તેમજ પ્રીમિયમ અને પ્લેટિનમ વિભાગમાં ૧-૧ બેઠક માટે ઉમેદવારી નોંધાવી શકાશે.

ઉધનામાં મનપાના કચરાના ડમ્પરે મેડિકલ સ્ટોર સંચાલકને કચડી નાંખ્યો

પંચમુખી હનુમાન મંદિર પાસે દુર્ઘટના, માથા પરથી ટાયર ફરી વળ્યું, ડમ્પરચાલકની અટકાયત

સુરતઃ શહેરમાં મનપાના કચરાના ડમ્પરોની બેફામ દોડને કારણે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. ઉધનામાં મેડિકલ સ્ટોર બંધ કરીને ઘરે જઈ રહેલા યુવકને ડમ્પરે અડફેટે લેતા, યુવકના માથા પરથી ડમ્પરનું ટાયર ફરી વળતાં તેનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની લવલેશ અરવિંદ પાંડે (ઉ.વ. ૩૪), પાંડેસરા શિવનગર ખાતે પરિવાર સાથે રહેતા હતા. બે સંતાનના પિતા લવલેશ ઉધના પટેલનગરમાં મેડિકલ સ્ટોર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રવિવારે રાત્રે તેઓ દુકાન બંધ કરીને નજીક પંચમુખી હનુમાન મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ તેઓ પોતાની મોપેડ પર ઘરે જવા નીકળ્યા હતા.

દરમિયાન ઉધના પંચમુખી હનુમાન મંદિર પાસે મનપાના કચરાના ડમ્પરચાલકે તેમની મોપેડને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે લવલેશ નીચે પટકાયા અને ડમ્પરનું ટાયર તેમના માથા પરથી ફરી વળ્યું હતું, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પોલીસે ડમ્પર ચાલકની ધરપકડ કરી છે.

યુદ્ધને લીધે સુરતના કાપડ ઉદ્યોગને મહિનામાં 1200 કરોડનું નુકસાન થશે

ગ્લોબલ ફેબ્રિક્સ રિસર્ચ એન્ડ રિસોર્સ સેન્ટર SGCCI ના ચેરમેન ગિરધર ગોપાલ મુંડદાએ પ્રારંભિક આકલન રજૂ કર્યું

સુરતઃ ગ્લોબલ ફેબ્રિક્સ રિસર્ચ એન્ડ રિસોર્સ સેન્ટર SGCCIના ચેરમેન ગિરધર ગોપાલ મુંડદાએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા પછી મધ્ય પૂર્વના 7 દેશમાં યુદ્ધ સંઘર્ષ જેવી ઊભી થયેલી સ્થિતિ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને કેટલી અસર કરશે એનું આકલન રજૂ કર્યું છે.

ગિરધર ગોપાલ મુંડદાએ જણાવ્યું છે કે, મિડલ ઈસ્ટ, યુરોપ, યુએસએ અને ઈઝરાયેલમાં વર્તમાન સમયે ચાલી રહેલા યુદ્ધોને કારણે વૈશ્વિક વેપાર અને સપ્લાય ચેઈન પર ભારે અસર પડી રહી છે. આ સ્થિતિ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ખાસ કરીને ચિંતાજનક છે, કારણ કે આ દેશો સુરતના મુખ્ય નિકાસ બજારોમાં સામેલ છે. આ અંગે વિગતવાર આકલન રજૂ કરતા તેમણે "સુરતના ટેક્સટાઈલ નિકાસના વાર્ષિક અંદાજ અને માસિક નુકસાનની સંભાવનાઓ વ્યક્ત કરી છે.

અહીંથી વાર્ષિક ટેક્સટાઈલ નિકાસ આશરે 12,000 કરોડનો અંદાજ છે. આ આંકડો વર્ષ દરમિયાન 12,000 કરોડથી 15,000 કરોડ વચ્ચે વધઘટ કરી શકે છે. યુદ્ધોને કારણે નિકાસમાં અવરોધ આવતાં એક મહિનામાં જ 1000થી 1200 કરોડનું નુકસાન થવાની સંભાવના છે. આ નુકસાન માત્ર માલના વેચાણમાં ઘટાડો જ નહીં, પરંતુ શિપિંગ, ઈન્સ્યોરન્સ અને ક્રેડિટ લાઈન્સ પર પણ અસર કરે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA)વાર્ષિક નિકાસ 5000 થી 8000 કરોડ રહે છે. અમેરિકા સુરતનું સૌથી મોટું નિકાસ બજાર છે. યુદ્ધ સંબંધિત અસ્થિરતા અને લોજિસ્ટિક્સ સમસ્યાઓને કારણે આ નિકાસમાં મોટો ઘટાડો થવાની આશા છે.

યુરોપમાં વાર્ષિક નિકાસ 2000થી 5000 કરોડ રહે છે. યુરોપીયન બજારમાં ઊર્જા સંકટ અને યુદ્ધને લગતી અનિશ્ચિતતા માંગમાં ઘટાડો લાવી રહી છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે તાત્કાલિક વૈકલ્પિક બજારો (જેમ કે આફ્રિકા, લેટિન અમેરિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા) તરફ ધ્યાન આપવું જરૂરી છે. સરકાર અને ઉદ્યોગ સંગઠનોને મળીને નિકાસ વધારવા માટે નીતિગત સુધારા અને સબસિડીની જરૂર છે. આ આકલન સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને સાચવવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત તરફ ધ્યાન દોરે છે.

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ગરમાવો

23 બેઠકો માટે 99 ઉમેદવારો મેદાનમાં, 6 માર્ચે મતદાન

વકીલ વર્ગમાં વધતી સક્રિયતા, એડવોકેટ ટર્મિશ કણિયા માટે આશાના કીરણ

સુરતઃ ગુજરાત બાર કાઉન્સિલની આવનારી ચૂંટણીને લઈને રાજ્યભરના વકીલ વર્ગમાં ભારે ચર્ચા અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કુલ 23 બેઠકો માટે 99 ઉમેદવારો મેદાનમાં છે, જેમાં 20 મહિલા ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. આવનારી 6 માર્ચે મતદાન યોજાનાર હોવાથી તમામ ઉમેદવારો પોતાના સમર્થકો સાથે જોરશોરથી પ્રચાર ઝુંબેશમાં લાગી ગયા છે.

આ ચૂંટણીમાં સુરતમાંથી કુલ 12 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. સુરતના વકીલ વર્ગમાં આ વખતે "સ્થાનિક ઉમેદવારને પ્રાથમિકતા" આપવાની ચર્ચા જોર પકડી રહી છે. વર્ષોથી ચાલતી આવતી 'સૌરાષ્ટ્રવાસી વર્સીસ સુરતી' સમીકરણની ચર્ચા ફરી એકવાર કેન્દ્રસ્થાને આવી છે. કહેવામાં આવે છે કે અગાઉની ચૂંટણીમાં સૌરાષ્ટ્રવાસી મતદારો સુરતી ઉમેદવારો તરફ ઢળ્યા નહોતા, જેના કારણે સુરતના હિતના મુદ્દાઓ પૂરતા પ્રમાણમાં પ્રતિનિધિત્વ મેળવી શક્યા નહોતા. આ પૃષ્ઠભૂમિમાં સુરતી મતદારોને એકજૂથ થઈ સ્થાનિક ઉમેદવારને જીતાડવા અપીલ કરવામાં આવી રહી છે. આ ચૂંટણીમાં ઉમેદવાર ભાવેશ રબારી માટે આ લડત 'અસ્તિત્વની લડાઈ' સમાન ગણાઈ રહી છે. વકીલ આલમમાં ચર્ચા છે કે તેઓ અગાઉ યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે ચૂંટાયા હતા. તે સમયે ટાર્ગેટેડ મતદારોના કાર્ડ રીન્યુ કરાવીને ચૂંટણી લડવાની રણનીતિ અપનાવ્યાની ચર્ચાઓ થઈ હતી. તે ઉપરાંત તેઓ મહાનગરપાલિકામાં કાઉન્સિલર તરીકે પણ રહી ચૂક્યા છે. આ મુદ્દો પણ ચૂંટણી પ્રચાર દરમિયાન ચર્ચાનો વિષય બન્યો છે. ગુજરાત બાર કાઉન્સિલની આ ચૂંટણી માત્ર વ્યાવસાયિક પ્રતિનિધિત્વ પૂરતી સીમિત નથી રહી, પરંતુ તેમાં પ્રદેશવાદ અને